# સ્વ કેશુભાઈ અને કનોડીયા બંધુઓને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો

**સે-૧૬ ના રંગમંચ પર મોં પર માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગના પાલન સાથે નેતાઓ અને વિવિધ સમાજના અગ્રણીઓ સદગતોને પુષ્પાંજલિ અર્પણ કરી**







ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ તેમજ કનોડીયા બંધુઓના દુખદ અવસાનથી ઘેરા શોકની લાગણી વ્યાપી છે. બે દિવસ અગાઉ પ્રધાનમંત્રીએ પણ આ બન્ને પરિવારોના સભ્યોને મળી સાંત્વના આપી હતી. જયારે આજે શહેર ભાજપ દ્વારા પણ સે-૧૬ સ્થિત રંગમંચ પર પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ દરમિયાન ભાજપના નેતાઓ કાર્યકરો સહીત વિવિધ સમાજના અગ્રણીઓએ સદગતોની આત્માની શાંતિ પ્રાર્થના સાથે પુષ્પાંજલી અર્પણ કરી હતી.

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ તેમજ કનોડિયા બંધુઓના અવસાનથી રાજકીય અને ફીલ્મી જગતમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. કોરોના કાળમાં પરિવારજનોને સાંત્વના આપવા માટે બે દિવસ અગાઉ દેશના પ્રધાનમંત્રીએ પણ રૂબરૂ મુલાકાત લઈ કઠીન સમયમાં તેમને હીંમત આપી હતી. જયારે આજે શહેર ભાજપ દ્વારા પણ સે-૧૬ ના રંગમંચ ખાતે સાંજે ૪ :૩૦ કલાકે પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન રાજકીય અગ્રણીઓ તેમજ વિવિધ સમાજના આગેવાનોએ સ્વ કેશુભાઈ તેમજ સ્વ મહેશ કનોડીયા તેમજ નરેશ કનોડીયાને પુષ્પાંજલી અર્પી હતી. આ દરમિયાન વિવિધ સમાજના અગ્રણીઓએ તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી. પુષ્પાંજલીના આ કાર્યક્રમમાં પુર્વ સહકાર મંત્રી વાડીભાઈ પટેલ, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે, મેયર રીટાબેન પટેલ, પુનમ મકવાણા , મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા સહીત કોર્પોરેટરો તેમજ ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. સોશિયલ ડિસ્ટન્સીંગના પાલન સાથે મોં પર માસ્ક પહેરીને આવેલા અગ્રણીઓએ સ્વ કેશુબાપા તેમજ કનોડીયા બંધુઓની સ્મૃતિઓ વાગોળી અંતઃ કરણપુર્વક પુષ્પાંજલી અર્પણ કરી હતી.

# જિલ્લાના ૧૮ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તાર શહેરમાં ભેળવાતા જિલ્લા પંચાયતની આવકમાં ૫૦ ટકા ઘટાડો થશે..!

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ૧૮ ગામો અને એક નગરપાલિકા વિસ્તારને ગાંધીનગર શહેરમાં ભેળવી દેવાના નિર્ણયને પગલે જિલ્લા પંચાયતનું અર્થતંત્ર દિવ્યાંગની અનુભૂતિ કરી રહ્યું છે.

જિલ્લાના ૩૦૩ ગામોમાંથી માત્ર ૧૮ ગામ અને ૧ નગરપાલિકા વિસ્તારને ભેળવવાના સરકારના નિર્ણયને પગલે પંચાયતની આવકના સ્ત્રોત પર વિપરીત અસરો પડશે. આ ગામોની આવક સારી હતી. ટકાવારીની દ્રષ્ટિએ માત્ર ૬ ટકા જેટલા જ ગામો ભેળવવામાં આવ્યા છે પરંતુ આવકની દ્રષ્ટિએ પંચાયતને ૫૦ ટકાથી પણ વધુનો ઘટાડો થશે.

જિલ્લા પંચાયતની આવકના સ્ત્રોતો સીમીત છે અને સરકારના આ નિર્ણયને પગલે આવકને લઈ તે વધુ પાંગળા બની ગયા છે. રેતી-કાંકરીની ગ્રાન્ટ હોય કે, સ્ટેમ્પ ડ્યુટીની આવક હોય કે મહેસુલી કરની આવક હોય કે પછી લોકલ ફંડ શેષની આવક હોય. આ બધી જ બાબતો પર તેની વિપરીત અસરો નવા નાણાંકીય વર્ષમાં જોવા મળશે.

જે રીતે આ ગામોનો વિકાસ થતો હતો તેને લીધે સ્ટેમ્પ ડ્યુટીની આવક સારામાં સારી રહેતી આ ઉપરાંત મહેસુલ કરની આવક પણ એટલી જ સારી રહેતી હતી. રેતી-કાંકરીની ગ્રાન્ટમાં સારો એવો કાપ આવશે. સાબરમતી નદી આ ગામોને અડીને પસાર થતી હતી.

આ આવકો ઘટતાં જિલ્લામાં વિકાસના વિકાસ કામોને પણ અસરો થશે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે આવક વધારવા માટેની દરખાસ્ત તંત્ર કક્ષાએ તૈયાર કરાઈ પરંતુ તેમાં કેટલાક પૂરક પ્રશ્નો સાથે તે પરત રાજ્ય સરકારે કરી હોવાની વાતો છે.

મહેસુલી કર ૧૦૦ પૈસાથી વધારીને તેની મહત્તમ મર્યાદા જે ૩૦૦ પૈસા છે તે કરી આવકનું પાસુ સરભર કરવાની વાત હતી પરંતુ તંત્રની દરખાસ્ત અધુરી અને અરૂવિકટ લાગતાં તે પરત મોકલવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ દરખાસ્તને સામાન્ય સભા અને કારોબારીની બેઠકમાં પણ પસાર કરવી જરૂરી છે પરંતુ હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો સમય આવી ગયો હોવાથી તંત્ર અને સરકાર બન્નેએ મૌન ધારણ કરી લીધુ છે.

જિલ્લાની સ્વભંડોળની આવક ઘટતાં સભ્યોને વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં પણ હવે કાપ આવશે આ ઉપરાંત સ્વભંડોળની ગ્રાન્ટમાંથી વિકાસના કામો પણ જોઈએ તેટલા સૂચવી શકાશે નહિ.

જિલ્લાનું અર્થતંત્ર આથી દિવ્યાંગ બનશે. જિલ્લામાં આવક વૃદ્ધિ માટે કઈ નવી નીતિ બનાવવામાં આવશે તે અંગે પણ તંત્રના અધિકારીઓનું મૌન છે પરંતુ આવક ઘટાડાનો આડકતરો એકરાર જરૂર કરે છે.

# શહેરના આંતરિક માર્ગો પર ગતિ નિયંત્રણના અભાવે સલામતી જોખમાઈ


**માર્ગ સુધારણા દરમિયાન જરૂરી ઠેકાણે બમ્પ પણ બનાવાયા નથી : સોસાયટીના માર્ગો પર નાના મોટા અકસ્માતોની સંખ્યા વધી**

ગાંધીનગર તા ૧

શહેરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ દોડતા વાહનોમાં હજુ ગતિ નિયંત્રણ જળવાતુ નથી. ટ્રાફિક સિગ્નલનનો અમલ થયા બાદ ગતિ નિયંત્રણમાં સુધાર આવ્યો છે. જયારે વાહનોની સંખ્યા વધતા સેકટરોના એપ્રોચ માર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે સ્થિતિ જોખમી બની છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણા દરમિયાન જરૂરી ઠેકાણે બમ્પ બનાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવતી નથી. જેથી સેકટરવાસીઓ ઘર આંગણે જ અકસ્માતનો ભય અનુભવી રહ્યા છે. સેકટરોની સોસાયટીમાં પણ આ જ સ્થિતિ છે.

શહેરના મુખ્યમાર્ગો પર માર્ગ સલામતી જોખમાઈ છે. સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર પણ રોડ સેફટીનો મુદ્દો ચિંતાનો વિષય બન્યો છે. એકબાજુ સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવવા માટે આયોજન કરાયુ છે. શહેરમાં અંદાજિત ૨૦૦ થી વધુ એપ્રોચને ફોરટ્રેક બનાવવામાં આવશે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોમાં ગતિ નિયંત્રણ જળવાતુ નથી. જેના લીધે સેકટરોમાં માર્ગ સલામતી સામે સવાલો મંડરાયા છે. સેકટરોની સોસાયટીમાં પણ વાહનોની અવરજવર બેફામ બની છે. જેના લીધે ઘર આંગણે રમતા બાળકો પણ અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આવા સંજોગોમાં સોસાયટીમાં પ્રવેશતા વાહનાની ગતિ નિયંત્રણમાં રહે તે માટે જરૂરી ઠેકાણે બમ્પ બનાવવામાં આવે તેની અનિવાર્યતા ઉભી થઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવે છે પરંતુ આ દરમિયાન પણ જરૂરી ઠેકાણે બમ્પ બનાવામાં આવતા નથી. શહેરના મુખ્યમાર્ગો પર વધતા અકસ્માત વચ્ચે આમ પણ માર્ગ સલામતી જોખમાઈ છે.

ત્યારે સેકટરાના આંતરિક માર્ગો પર પણ અકસ્માતોની સંખ્યા વધી રહી છે. આવા સંજોગોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન પણ માર્ગ સલાતમીના પરિબળો ધ્યાને લેવામાં આવે તે અનિવાર્ય છે. સેકટરવાસીઓ દ્વારા પણ આંતરિક માર્ગાને અડીને આવેલા મકાનોને અનુલક્ષી બમ્પ બનાવવા માંગણી કરવામાં આવે છે. પરંતુ સમયસર આ બાબતે પગલા લેવાતા નથી. જાનલેવા અકસ્માતોને અટકાવવા માટે ગતિ નિયંત્રણના મામલે હવે શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરાના આંતરિક માર્ગો તરફ પણ ધ્યાન આપવાની અનિવાર્યતા છે.



શહેરના મુખ્ય ઘ માર્ગ પર સ્થિત સેન્ટ્રલ વર્જમાં તંત્ર દ્વારા ટ્રીમીંગની અધુરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. યોગ્ય ટ્રીમીંગના અભાવે વાહન ચાલકોને પરેશાની વેઠવી પડતી હતી જયારે અકસ્માત થવાનો પણ ખતરો વધ્યો હતો જેને અનુલક્ષીને સેન્ટ્રલ વર્જમાંથી માર્ગ વચાળે લટકતી ડાળીઓને દુર કરવા ઝુંબશ હાથ ધરાઈ છે.

# શહેરમાં કોરોનાના વધુ ૧૭ કેસ

**સે. ૧ માં માતા-પુત્ર, જીઈબીમાં પણ માતા-પુત્ર સહિત ૩ કેસ, સે. ૩૦ માં પણ ૩ કેસ ઉપરાંત ઈન્ફોસીટી, પાલજ, સે. ૧૨, ૧૩, ૧૯, ૨૧, ૨૨, ૨૬, ૨૮ માંથી કેસો મળ્યા : વધુ ૨૦ ને ડિસ્ચાર્જ અપાયુ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. આ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૯૦૦ ની નજીક પહોંચી છે. કોરોનાના કેસોની સંખ્યા ૧૮૮૮ થઈ છે.

આજે નોંધાયેલા ૧૭ કેસમાં ૧૩ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા ૧૫૦ પર પહોંચી છે.

આજે પણ શહેરમાં ૮ મહિલાઓ કોરોના સંક્રમિતોની યાદીમાં છે. શહેરમાં મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. આ ઉપરાંત મોટી વયના દર્દીઓ પણ સંક્રમિત થઈ રહ્યા છે.

શહેરમાં આજે સે. ૩૦ માંથી ૩, જીઈબીમાંથી ૩, સે. ૧ માંથી ૨ ઉપરાંત ઈન્ફોસીટી, પાલજ, સે. ૧૨, ૧૩, ૧૯, ૨૧, ૨૨, ૨૬, ૨૮ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને કારણે કોમ્યુનીટી ટ્રાન્સમિશનની શંકા વધુ ને વધુ દ્દઢ થઈ રહી છે. માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવી રાખવા લોકોને તંત્રએ અપીલ કરી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૩ કેસ સે. ૩૦ માંથી મળી આવ્યા છે જે તંત્રને ચોંકીવી ગયુ છે. સે. ૩૦ માંથી આજે એલ.એલ.બી.નો અભ્યાસ કરતા ૨૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩૦ માં જ રહેતી અને ખાનગી કંપનીમાં સોફ્ટવેર એન્જીનીયર તરીકે નોકરી કરતી ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહેસાણા પોલીસમાં નોકરી કરતા ૪૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઈન્ફોસીટીમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧ માં માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પરિવારમાં પહેલા પિતાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. સાણંદમાં એન્જીનીયર તરીકે ફરજો બજાવતા

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામીણ વિસ્તારમાં સંક્રમિત દર્દીઓ કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ

**જિલ્લામાં ૧૪ નવા કેસ : ૨૩૭૨ દર્દીઓ કોરોનામુક્ત થયા ગાંધીનગરમાં ૧૦, કલોલ-દહેગામમાં ૧-૧, માણસામાં ૨ કેસ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૧૪ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જો કે સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં જ નોંધાઈ રહ્યા છે. આજે સંક્રમિત થનાર દર્દી કરતાં ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લાનાગ્રામીણ વિસ્તારમાં ૯૭ હજારથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા છે. એન્ટીજન ટેસ્ટમાં પોઝીટીવ કેસો જે મળ્યા છે તેને લઈ તંત્ર આજે પણ ચુપકીદી સેવી રહ્યુ છે. એન્ટીજન ટેસ્ટ ૭ હજારથી વધુ લોકોના કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. ગ્રામીણ વિસ્તારમાં પણ દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રની કામગીરી પણ આને પગલે વધવા પામી છે. મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તે પણ તંત્રની ચિંતાનો મુદ્દો બની ઉભરી આવ્યો છે.


જિલ્લામાં આજે નોંધાયેલા ૧૪ કેસોમાં ૧૦ કેસ ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે. દહેગામમાંથી એક, માણસામાંથી બે અને કલોલમાંથી એક કેસ મળી આવ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાની શંકા હવે વધુ ને વધુ દ્દઢ થઈ રહી છે પણ તંત્ર સત્તાવાર રીતે આ વાત સ્વીકારતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

# ગૃહમંત્રી અમિત શાહ ૧૨મીએ ગુજરાત આવે છે

**ભારત-પાકિસ્તાન સરહદની મુલાકાત કરશે**

ગાંધીનગર,તા.૧



કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમિત શાહ ફરી એક વખત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૨ નવેમ્બરના રોજ ગુજરાતના એક દિવસના પ્રવાસે આવશે. લોકડાઉન બાદ અમિત શાહ પ્રથમ બીજીવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર કેન્દ્રીય ગૃહ મંત્રી દિવાળી વખતે ગુજરાતના કચ્છ નજીક આવેલી ભારત-પાકિસ્તાન સરહદની મુલાકાત લેશે.

ગૃહમંત્રી બન્યા બાદ ભારત-પાકિસ્તાન સરહદની તેમની આ પ્રથમ મુલાકાત હશે. આ દરમિયાન તેઓ સુરક્ષા સાથે મુલાકાત કરશે. કેન્દ્રીય ગૃહમંત્રીની મુલાકાત પહેલાં બીએસએફના ડીજી રાકેશ અસ્થાના પણ કચ્છનો પ્રવાસ કરશે.

# રાજ્યમાં ધીમા પગલે ઠંડીનું આગમન : ઠંડીનો ચમકારો

**આગામી સપ્તાહમાં ઝડપથી પારો ગગડશે : સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં સક્રિય સાયક્લોનિક સરક્યૂલેશનની અસરથી રાજયમાં ઠંડા પવનોનું જોર વધ્યું**

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં ધીમા પગલે ઠંડીનું આગમન થઈ રહ્યુ છે. ગાંધીનગરમાં લધુતમ તાપમાનનો પારો ગગડ્યો છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં સક્રિય થયેલા સાયક્લોનિક સરક્યૂલેશનની અસરથી રાજ્યમાં ઠંડા પવનોનું જોર વધ્યું છે. ગાંધીનગર સહિત રાજ્યના ૧૪ શહેરોમાં ઠંડીનો પારો ૨૦ ડિગ્રીની આસપાસ પહોંચ્યો છે. જેને પગલે રાજ્યના મોટાભાગના શહેરોમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. આગામી ચાર દિવસમાં શહેરમાં ઠંડીનો પારો ૧૮ ડિગ્રીથી નીચે જવાની આગાહી કરવામાં આવી છે. ભારતના હવામાન વિભાગના નિષ્ણાંતોએ અનુમાન લગાવ્યું છે કે, આ વર્ષે સામાન્ય કરતાં વધું ઠંડી પડી શકે છે. જેનું કારણ ભારતથી હજારો કિલોમીટર દૂર આવેલો પ્રશાંત મહાસાગરને માનવામાં આવી હહ્યું છે. નોંધનીય છે કે, રાજ્યમાં હવામાનની સચોટ આગાહીઓ કરવા માટે જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે શિયાળાનો વરતારો આપ્યો હતો. તેમણે સમગ્ર ઋતુ કેવી રહેશે તેના અંગે અનુમાન વ્યકત કર્યુ છે. અંબાલાલના અનુમાન મુજબ સમગ્ર ઋતુ અને ખેતી વિશે માહિતી આપવામા આવી છે. તેમણે કહ્યું હતુ કે, હાલમાં પરોઢિયે વધુ ઠંડી પડશે અને આ મહિનાની ૩૧મી તારખીથી ૭નવેમ્બર આસપાસ સુધી વાદળ વાયુનું સર્જન થશે. કોઈ કોઈ ભાગોમાં હળવું માવઠું થઈ શકે છે. અંબાલાલે જણાવ્યું કે ૭મી નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો ચમકારો આવી શકે છે અને ૧૮-૧૯ નવેમ્બર આસપાસ સવારે ઠંડીનો વધુ ચમકારો આવી શકે છે. જ્યારે દેશાવર ઠંડીનું આગમન ત્યારબાદ થશે અને આગામી ૪ ડિસેમ્બરથી ઠંડીનું પ્રમાણ વધશે અને ન્યુનતમ તાપમાન ઉત્તર ગુજરાતના ભાગોમાં નીચું જશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેકટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
SURMOUNT HOSPITAL
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીકલેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હ્રદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com